For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# શિક્ષણના નિયમો તોડતી 55 શાળાની માન્યતા રદ કરવા કાર્યવાહી શરૂ

**સુરતના** ઇતિહાસમાં પહેલી વખત એક મોટી સંખ્યામાં કાર્યવાહીના ભણકારા

**RTEના** નિયમોતો ગણકારતી જ ન હતી અન્યમાં પણ લીપાપોતી કરતી હતી

સુરતઃ શહેરમાં અલગ અલગ વિસ્તારમાં આવેલી 55 જેટલી શાળાઓની માન્યતા રદ કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ બધી શાળાઓ અનેક નિયમોના ઉલ્લંઘન સાથે ચાલુ છે. આ માટે કમિટી બનાવી હવે તેમની તપાસ કરી કાર્યવાહી કરાશે.

ગુજરાત સરકાર દ્વારા બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર (RTE) અધિનિયમ-2009 અને ગુજરાત આરટીઇ નિયમો-2012ના અમલમાં કડક વલણ અપનાવવામાં આવ્યું છે. આ અધિનિયમના વિવિધ નિયમોનો ભંગ કરનાર સુરત શહેરની 55 ખાનગી પ્રાથમિક શાળાઓ સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં

...અનુસંધાન પાના 5 પર

## શહેરના અલગ-અલગ વિસ્તારોમાં નિયમોને નજરઅંદાજ કરીને ચાલતી શાળાઓ


શહેરના પાંડેસરા, ગોડાદરા, લિંબાયત, રાંદેર, ઉધના અને ઉન જેવા વિસ્તારોમાં ચાલતી અનેક શાળાઓ સરકારી માર્ગદર્શિકાઓને અવગણીને ધમધમતી રહી છે. શાળાઓમાં પૂરતી માળખાગત સુવિધાઓ નથી, જરૂરી શિક્ષક નથી અને સરકાર દ્વારા નક્કી કરાયેલ સંખ્યામાં વિદ્યાર્થીઓ પણ નથી. જોકે, હવે આ અયોગ્ય શાળાઓની માન્યતા રદ કરવાની પ્રક્રિયા શરૂ થતાં સંચાલકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

### નિયમો ઉલ્લંઘન કરનાર શાળાઓ સામે કડક પગલાં

શિક્ષણ વિભાગે ફરી સ્પષ્ટ કર્યું છે કે ખાનગી શાળાઓએ આરટીઇના નિયમોનું પાલન કરવું જરૂરી છે, જેમાં સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના બાળકોને મફત શિક્ષણ આપવાનો મુખ્ય શિષ્યાંક છે. જો કોઇ શાળા આ નિયમોનું ઉલ્લંઘન કરશે, તો તેમની માન્યતા પાછી ખેંચી લેવામાં આવશે.

### પાંચ સભ્યોની ચાર કમિટીઓ દ્વારા શાળાઓની તપાસ હાથ ધરાઈ

શિક્ષણને માત્ર નફાખોરીનું સાધન બનાવી શૈક્ષણિક નિયમોનો ભંગ કરનાર સુરતની ૫૫ પ્રાથમિક શાળાઓ પર હવે તૂટી પડવાની તૈયારી છે. જિલ્લાના શિક્ષણાધિકારી ડો. ભગીરથસિંહ પરમાર દ્વારા આવા શાળા સંચાલકો સામે કડક વલણ અપનાવી, તેમની માન્યતા રદ્દ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ અંગે તપાસ માટે પાંચ સભ્યોની ચાર અલગ-અલગ કમિટીઓ રચવામાં આવી છે, જે શાળાઓમાં બેસીક સુવિધાઓ, વિદ્યાર્થીઓની સંખ્યા અને શિક્ષકોની ઉપલબ્ધિ સહિતના માપદંડોની ચકાસણી કરશે.




### ૧૫ દિવસમાં રિપોર્ટ તૈયાર કરીને પ્રાથમિક નિયામકને મોકલાશે

પાંચ સભ્યોની ચાર અલગ-અલગ તપાસ કમિટીઓ ૧૫ દિવસમાં તપાસ પૂરી કરશે. આ તપાસ બાદ એક સમગ્ર રિપોર્ટ તૈયાર કરવામાં આવશે, જેમાં માન્યતા રદ્દ કરવી કે નહીં, તેનો નિર્ણય લેવામાં આવશે. અંતિમ રિપોર્ટ પ્રાથમિક શિક્ષણ નિયામકને મોકલાશે, જે આગળની કાર્યવાહી કરશે.



### રજિસ્ટ્રેશન અને શાળાના સરનામા જુદી જુદી જગ્યાએ

તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે કેટલીય શાળાઓએ રજીસ્ટ્રેશન સમયે આપેલા સરનામા કરતાં અલગ જગ્યાએ શાળા ચલાવી હતી. સરનામું બદલાયા પછી પણ શિક્ષણ વિભાગને જાણ કરવામાં આવી નહોતી, જે ગેરકાયદેસર ગણાય છે. આ કારણે આવા કેસોમાં પણ તંત્રએ કાર્યવાહી શરૂ કરી છે.

### ૨૦૦૫ પહેલાં અપાયેલી આડેધડ માન્યતાઓની સમીક્ષા

ઉલ્લેખનીય છે કે ૧૯૯૫ થી ૨૦૦૫ દરમિયાન સુરત શહેરમાં અનેક શાળાઓને કોઈપણ સખત ચકાસણી વગર માન્યતા આપી દેવાઈ હતી. કેટલીક શાળાઓ શોપિંગ કોમ્પલેક્ષ અને સોસાયટીના મકાનોમાં કાર્યરત હતી. કેટલીક શાળાઓમાં રમત-ગમત માટે મેદાન પણ નહોતું, તેમ છતાં માન્યતા મળી ગઈ હતી.

# ધારાસભ્ય કાનાણીના બોગસ સહી સિક્કાનો ઉપયોગ કરતો MBAનો વિદ્યાર્થી ઝડપાયો



**૨૦૦ થી ૫૦૦ રૂપિયા લઇ ગ્રાહકોના આધાર અને પાનકાર્ડમાં સુધારો કરી આપતો હતો**

**આરોપી** પાસેથી પોલીસે પ્રિન્ટર કબજે કર્યું, 3 દિવસના પોલીસ રિમાન્ડ પર

સુરતઃ કાપોદ્રા પોલીસે બાતમીના આધારે વરાછા વિધાનસભાના ધારાસભ્ય કુમારભાઇ કાનાણીનાના બોગસ સહી-સિક્કાનો ઉપયોગ કરી આધારકાર્ડ-પાનકાર્ડ જેવા સરકારી દસ્તાવેજો બનાવી આપવામાં ઉપયોગ કરનાર યુવાનને કાપોદ્રા પોલીસે ઝડપી પાડ્યો છે. આ યુવાન MBA હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

### ઓડિસામાં બોગસ સિક્કાઓ બનાવ્યા હતા

આરોપીએ પોલીસને જણાવ્યું હતું કે, ધારાસભ્ય કુમારભાઇ કાનાણીના નામના બોગસ સિક્કાઓ તેના વતન ઓરિસ્સાના સંબલપુર ખાતે એક અજાણ્યા ઇસમ પાસે બનાવડાવ્યા હતા. અને કાપોદ્રા સૌરાષ્ટ્ર સર્કલ પાસે આવેલ ક્ષમા સોસાયટી ગેટ નં.૪ સામે આવેલ શનિદેવ મહારાજની બાજુમાં આવેલી ઓફિસ ભાડે રાખી હતી. આરોપી છેલ્લા સાડા ત્રણેક માસથી તેની પાસે આધારકાર્ડ તથા પાનકાર્ડમાં નામ-સરનામુ સુધારો કરાવવા માટે આવતા ગ્રાહકો પાસે ફોર્મ દીઠ ૨૦૦ થી ૫૦૦ રૂપિયા ફી લઇને ગ્રાહકો પાસે રહેઠાણના પુરાવા ન હોય તો, આધારકાર્ડ-પાનકાર્ડના સરકારી ફોર્મમાં ગ્રાહકોની જાણ બહાર સિક્કાઓ મારી પોતાની ઓફિસમાં રહેલા કોમ્પ્યુટર મારફતે આ બનાવટી ફોર્મને સરકારી સાઇટ ઉપર ખરા તરીકે અપલોડ કરતો હતો.

### ૪ મહિનાથી ગ્રાહકોને ફસાવતો યુવાન બાતમીના આધારે પકડાયો

યુવક છેલ્લા ૪ મહિનાથી કુમાર કાનાણી સહીનો સિક્કાનો ઉપયોગ કરતો હતો. યુવક MBAનો અભ્યાસ કરે છે. ભણવા સાથે ખર્ચ કાઢવા માટે સરકારી ડોક્યુમેન્ટમાં સુધારો વધારો કરવાનું કામ શરૂ કર્યું હતું. આ દરમિયાન તેની પાસે એક સુધારા વધારા માટે કુમાર કાનાણી લેટર પેડ આવ્યો હતો. જે ડોક્યુમેન્ટનો ફોટો પાડી બાદમાં ઓરિસ્સા વતનમાં જઈ આ સિક્કો બનાવી લાવ્યો હતો. પોતાની સારી ઓળખ હોવાનું કહી ગ્રાહકો પાસે પાનકાર્ડ આધારકાર્ડ જેવા પુરાવાઓમાં ફેરફાર કરવા મોટી રકમ વસૂલાતો હતો અને કુમાર કાનાણી સહી સિક્કો મારી ગ્રાહકનું કામ પતાવી દેતો હતો.

બનાવી આધારકાર્ડ-પાનકાર્ડ જેવા સરકારી ડોક્યુમેન્ટમાં સુધારા માટે ઉપયોગ કરનાર યુવકને પકડી પાડ્યો છે.

કાપોદ્રા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ પીઆઇ એમ.બી. ઔસુરા તથા સેકન્ડ પીઆઇ એમ.આર.સોલંકીએ જણાવ્યું હતું કે, તેમના સ્ટાફને ધારાસભ્યના સહી-સિક્કાનો બોગસ ઉપયોગ થતો હોવાની બાતમીના આધારે કાપોદ્રા સૌરાષ્ટ્ર સર્કલ ખાતેથી આરોપી દિપક કવિરાજભાઇ

...અનુસંધાન પાના 5 પર

# ડાંગ જિલ્લામાં કમોસમી વરસાદ પડતા માર્ગો પાણીથી તરબતર



(તસવીર : ગીરીશ ભોયે)

**જિલ્લામાં** સતત ત્રીજા દિવસે વાતાવરણમાં પલટો રહેતા ચોમાસાની ઋતુનો અનુભવ થયો

**ભરઉનાળે** વરસાદ તૂટી પડતા કઠોળ, શાકભાજી અને ફળફળાદીના પાકોને જંગી નુકસાન

સાપુતારા : ડાંગ જિલ્લાનાં પૂર્વપટ્ટીનાં ચિંચલી સહીત સરહદીય વિસ્તારમાં ભરઉનાળે કમોસમી વરસાદ પડતા પાણીની રેલમછેલ ફરી વળી હતી. રાજ્યનાં છેવાડે આવેલા ડાંગ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી મૌસમનો મિજાજ બદલાયો છે. ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં છેલ્લા ત્રણ દિવસથી ક્યાંક કમોસમી વરસાદનાં અમીછાટણા તો ક્યાંક ઝરમરીયો તો ક્યાંક મધ્યમ વરસાદ પડ્યો હતો. તેવામાં સતત ત્રીજા દિવસે પણ ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા, આહવા, વઘઇ અને

...અનુસંધાન પાના 5 પર

### સુરતનું મહત્તમ તાપમાન 39.6 ડિગ્રીને પાર

# શહેરમાં આજે માવઠાની આગાહી વચ્ચે તાપમાનમાં દોઢ ડિગ્રીનો વધારો

**પવનની** દિશા બદલાતા આજે કાળઝાળ ગરમીનો અનુભવ થયો

સુરતઃ હવામાન વિભાગે સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં માવઠાની આગાહી કરી છે. માવઠાની આગાહી વચ્ચે આજે શહેરમાં મહત્તમ તાપમાનમાં દોઢ ડિગ્રીનો વધારો નોંધાતા લોકોને કાળઝાળ ગરમીનો અહેસાસ થયો હતો.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ સુરત શહેરમાં ગરમીની અસર દિવસે દિવસે વધી રહી છે. છેલ્લા બે દિવસથી તાપમાન સતત ઊંચે જઈ રહ્યું છે. તેમાંયે હવામાન વિભાગે બે દિવસ શહેરમાં માવઠાની આગાહી કરી હતી. ગઈકાલે વાદળછાયું વાતાવરણ રહ્યા બાદ આજે કાળઝાળ ગરમી વરસી હતી. ગઈકાલે મહત્તમ તાપમાન 38.0 ડિગ્રી નોંધાયું હતું, જ્યારે આજે તાપમાન વધીને 39.6 ડિગ્રી સુધી પહોંચી ગયું. ગઈકાલે લઘુત્તમ તાપમાન 24.2 ડિગ્રી હતું તે

...અનુસંધાન પાના 5 પર

## ભારે ગરમીને કારણે

# રીંછ હોજની બહાર જ નથી નીકળતું



■ છેલ્લા કેટલાક દિવસથી તાપમાનનો પારો ફરી ઊંચે જઇ રહ્યો છે. જો કે અન્ય શહેરોની સરખામણીમાં સુરતનું તાપમાન ઓછું છે તેમ છતાં જો આવી ગરમી હોય અને સામે પાણીનો હોજ હોય તો તેમાંથી કોણ બહાર નીકળવાનું પસંદ કરે. આવી જ સ્થિતિ સરથાણા નેચરપાર્કની છે જ્યાં રીંછ પાણીમાંથી બહાર નીકળતું જ નથી. (તસવીર : સતીષ જાદવ)

### VNSGUમાં રેગિંગ : વિદ્યાર્થિનીના બોયફ્રેન્ડ સામે પણ ફરિયાદ

# વિદ્યાર્થિનીને જાહેરમાં માફી માગવા મજબૂર કરવા મામલે આજે એન્ટિ-રેગિંગ સેલની બેઠક

**સમિતિ** દ્વારા સમગ્ર ઘટનાક્રમના સીસીટીવીની તપાસ કરવાનું શરૂ કરાયું, તમામ ગ્રુપમાં બેસેલા નજરે પડ્યા

સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં રેગિંગનો કેસ વધુ જટિલ બન્યો છે. ગઈકાલે એક વિદ્યાર્થિનીએ વિજય નામના યુવક વિરુદ્ધ જાહેરમાં માફી માગવા દબાણ અને મારવાની ધમકીની ફરિયાદ નોંધાવી હતી. હવે, આ જ વિદ્યાર્થિનીના બોયફ્રેન્ડ સામે પણ આજે બીજી એક વિદ્યાર્થિનીએ ફરિયાદ નોંધાવી છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસમાં રેગિંગનો કિસ્સો વધુ ગંભીર બન્યો છે. યુનિવર્સિટીના એક ડિપાર્ટમેન્ટમાં વિદ્યાર્થિનીને જૂથવાદનો ભોગ બનવું પડ્યું હોવાનો આક્ષેપ થયો છે. ફરિયાદ મુજબ, કેટલાંક વિદ્યાર્થીઓએ કેન્ટીન નજીક તેને જાહેરમાં માફી માંગવા મજબૂર કરી અને મારવાની ધમકી આપી હતી. વિદ્યાર્થિનીએ વિજય સામે ફરિયાદ કર્યા બાદ, હવે વિદ્યાર્થિનીના બોયફ્રેન્ડ સામે પણ અન્ય એક છોકરીએ શોષણ અને માનસિક હેરાનગતિની ફરિયાદ નોંધાવી છે. આ બંને પરિસ્થિતિઓને લઈને યુનિવર્સિટી તંત્ર દ્વારા આ સમગ્ર મામલે ઊંડી તપાસ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિદ્યાર્થિનીની પ્રાથમિક ફરિયાદ બાદ યુનિવર્સિટી તંત્ર હરકતમાં આવ્યું છે અને આવતીકાલે એન્ટી-રેગિંગ સેલની બેઠક બોલાવવાની છે. આ બેઠકમાં બંને ફરિયાદોની સમીક્ષા કરવામાં આવશે અને આગળની કાર્યવાહી અંગે નિર્ણય લેવામાં આવશે. આ તમામ કેસના ઘટનાક્રમમાં સીસીટીવી પણ તપાસવામાં આવશે. આ કેસને લઈને યુનિવર્સિટીના કેમ્પસમાં ભારે ચર્ચાઓ શરૂ થઈ છે. જ્યાં એક તરફ રેગિંગનો મુદ્દો ઉઠ્યો છે, ત્યાં હવે બીજા વિદ્યાર્થી વિરુદ્ધ પણ નવો આક્ષેપ નોંધાયો છે. હવે જોવું રહ્યું કે યુનિવર્સિટી તંત્ર આ બંને ફરિયાદો પર કેવી કાર્યવાહી કરે છે અને કેમ્પસમાં શિસ્ત જાળવવા માટે શું પગલાં ભરવામાં આવે છે.

# સુરતની સૌથી જૂની ગણાતી વડાચૌટા નગરશેઠની પોળમાં ભૂવો પડયો



**ફાયર** બ્રિગેડ તથા મહાનગરપાલિકાની ટીમે સ્થળ ઉપર પહોંચી ભૂવાનું નિરિક્ષણ કર્યુ

**રસ્તો** કોર્ડન કરી વાહન વ્યવહાર ડાયવર્ટ કરાયો

સુરત : સુરત શહેરમાં ઠેર ઠેર ભૂવા પડવાની તેમજ ખુલ્લી ગટરનાં ઢાંકણાને કારણે અનેક અકસ્માતોની ઘટનાઓ સામે આવી છે. પરંતુ મહાનગરપાલિકા દ્વારા અસરકારક પગલાં ભરવામાં આવતા નહીં હોવાને કારણે આવી સમસ્યાઓ સતત વધી રહી છે. ત્યારે સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વડાચૌટા ખાતે આવેલી નગરશેઠની પોળમાં ભૂવો પડવાના બનાવે ફરી એકવાર શહેરની અવ્યવસ્થાને ઉઘાડી પાડી દીધી છે.

બુધવારે વડાચૌટા વિસ્તારમાં જાહેર માર્ગ પર મોટો ભૂવો પડતા આસપાસના લોકોને ભારે ભયનો માહોલ જોવા મળ્યો હતો. સ્થાનિક લોકો દ્વારા બનાવની જાણ કરવામાં આવતા જ મોગલસરાઈ ફાયર બ્રિગેડ અને સેન્ટ્રલ ઝોનના અધિકારીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા

...અનુસંધાન પાના 5 પર

### હીરા બદલાયા ત્યારે તપાસ કરી તો ચીટરોની ઓફિસ પણ બંધ હતી

# મુંબઇના હીરાવેપારીના 1.7 કરોડના હીરા બદલી CVD મૂકી દેનાર સુરતનો ઠગ ઝડપાયો

**સુરતનાં** વેપારી ઘનશ્યામ તગડિયાની ધરપકડ કરી લેવામાં આવી

**પ્રિતેશ** શાહ અને ભરત ગાંગાણીને પકડવા મુંબઈની BKC પોલીસ સુરત આવી

સુરતઃ સુરતના એક હીરા વેપારીની મુંબઈના એક વેપારીના 6.47 કેરેટના GIA-પ્રમાણિત કુદરતી હીરાને લેબોરેટરી (પ્રયોગશાળા)માં તૈયાર કરવામાં આવેલા CVD હીરા સાથે બદલવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે, કારણ કે તેણે તેને ખરીદવામાં રસ દાખવ્યો હતો અને હોંગકોંગમાં તેને ફરીથી પ્રમાણિત કરાવવાનો પ્રયાસ કર્યો હતો. તેના બે સહયોગીઓ, જેઓ કથિત રીતે કૌભાંડમાં સામેલ હતા, તેઓ ફરાર છે.

30 માર્ચે ટ્રસ્ટ જ્વેલર્સના ઘનશ્યામ તગડિયા (50) અને તેના સહાયકો પ્રિતેશ શાહ અને ભરત ગંગાણી સામે નોંધાયેલી FIR મુજબ, મુંબઈમાં કામ કરતા સુરતના વેપારીએ 10 ફેબ્રુઆરીએ BKCના ભારત ડાયમંડ બુર્સના વેપારી એસ.સી. મોદી (55) ને ફોન કરીને કહ્યું હતું કે તે તેની પાસેથી હીરા ખરીદવા માંગે છે અને તેણે તેનું ભૌતિક મુલ્યાંકન કરવું છે. પોતાની ફરિયાદમાં, મોદીએ જણાવ્યું હતું કે તેમણે પોતાના એજન્ટને હીરા સાથે તગડિયાની ઓફિસમાં મોકલ્યો હતો કારણ કે તે સમયે તેઓ વ્યસ્ત હતા.

કોઈ સોદો થયો ન હતો, અને એજન્ટ મોદીની ઓફિસમાં પાછો ફર્યો, તેને ખબર નહોતી કે મૂલ્યાંકન દરમિયાન તગડિયાએ કારીગરી કરીને તેમના નેચરલ ડાયમંડને બદલી નાંખી તેની જગ્યા ઉપર સીવીડી મૂકી દીધા હતા.

મોદીને ખબર પડી કે 26 ફેબ્રુઆરીના રોજ એક અજાણ્યા ફોન કરનારે તેમને ચેતવણી આપ્યા પછી માહિતી આપી હતી કે, તેમની સાથે છેતરપિંડી કરવામાં આવી છે. થોડા સમય પછી, બીજા ફોન કરનારે તેમને કહ્યું કે જેમોલોજીકલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ અમેરિકા (GIA) દ્વારા જારી કરાયેલા તેમના હીરાના પ્રમાણપત્ર નંબર સાથે છેડછાડ કરવામાં આવી રહી છે.

GIA રિપોર્ટ્સને ગુણવત્તા અને અધિકૃતતાનું ચિહ્ન માનવામાં આવે છે, અને દરેક પ્રમાણિત હીરા પર કરદાતાનું નામ અને સંપર્ક માહિતી સાથેનો સીરીયલ નંબર હોય છે. આ નંબર હીરાના બેલ્ટ પર લખાયેલો હોય છે અને તેનો ઉપયોગ કોનો છે તે શોધવા માટે કરી શકાય છે.

મોદીએ તરત જ તેમના કબજામાં રહેલા હીરાની તપાસ કરી અને જોયું કે તે ખરેખર CVD વાળા હતા. તેઓ અને તેમના એજન્ટ તગડિયાની ઓફિસમાં ગયા પરંતુ જાણવા મળ્યું કે તે દિવસો પહેલા બંધ હતી અને તેમનો ફોન પણ બંધ હતો. આરોપીએ તેની ભાડાની ઓફિસ ખાલી કરી દીધી હતી. 'મોદીએ હોંગકોંગથી GIA ની શાખા તરફથી એક ઇમેઇલ પ્રાપ્ત કર્યા બાદ ફરિયાદ નોંધાવી હતી, જેમાં તેને પુનઃપ્રમાણપત્ર

...અનુસંધાન પાના 5 પર

# જેની લાલચે ગાંજો લાવ્યો તેના કમિશનના રૂ. 10,000 મળે તે પહેલા જ ઝડપાયો

**સારોલી** પોલીસે નિયોલ ચેકપોસ્ટ પાસેથી 29.94 લાખના ગાંજા સાથે જહાંગીરપુરાના યુવાનની ધરપકડ કરી



સુરતઃ મુંબઈથી સુરતમાં હાઈબ્રિડ ગાંજો ઘૂસાડવાના ખેલનો પર્દાફાશ કરવામાં સારોલી પોલીસને મોટી સફળતા મળી છે. મુંબઈથી હાઈબ્રિડ ગાંજાનો જથ્થો સ્કૂલબેગમાં સંતાડીને સુરતમાં ઘૂસાડવાનો પ્રયાસ કરી રહેલા એક યુવકની નિયોલ ચેકપોસ્ટ પાસેથી

...અનુસંધાન પાના 5 પર

### હવે ગાંજાની હેરાફેરી માટે સ્કૂલ બેગનો ઉપયોગ

સારોલી પોલીસ દ્વારા આરોપી કેનીલ પટેલની કરાયેલી પૂછપરછમાં તેણે કબૂલાત કરી હતી કે, પંદર દિવસ પહેલા વરાછાના રિલાયન્સ મોલ ખાતે અક્ષય ઉર્ફે આઝાદ હિતેષ સોની (રહે, લક્ષ્મીપાર્ક, સેન્ટ્રલ બેન્કની પાછળ, ફુલપાડા રોડ, અશ્વનીકુમાર રોડ, કતારગામ) તેને મળ્યો હતો. તેણે તેને ઓફર કરી હતી કે, તુ ગાંજો લેવા મુંબઇ જશે તો કમિશન આપીશ. જેથી

...અનુસંધાન પાના 5 પર




સ્વ.જમુભાઈ સોમાભાઈ પટેલ
જન્મ તા.૧-૧-૧૯૬૯
સ્વ. તા.૧-૪-૨૦૨૫
ગામ - ગભેણી

દુઃખદ અવસાન/બેસણું

દિલગીરી સહ જણાવવાનું કે અમારા બનેવી શ્રી જમુભાઈ સોમાભાઈ પટેલનું તા.૧/૪/૨૫ ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્દગતનું સાસરા પક્ષનું બેસણું તા. ૩/૪/૨૫ ગુરૂવારના રોજ સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ કલાક દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે. સદ્દગતના આત્માને પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના. (લૌકિક રિવાજ સદ્દંતર બંધ છે)

-: શ્વસુર પક્ષ :-

સ્વ.પરભુભાઈ માવજીભાઈ પટેલ
ભીખુભાઈ પરભુભાઈ પટેલ
કાળીદાસ પરભુભાઈ પટેલ
ભરતભાઈ પરભુભાઈ પટેલ
નિકુલભાઈ પરભુભાઈ પટેલ
કંચનભાઈ ત્રિભુવનભાઈ પટેલ
બાલુભાઈ ત્રિભુવનભાઈ પટેલ
સ્વ.ભીખુભાઈ લલ્લુભાઈ પટેલ
ભાણાભાઈ લીંબાભાઈ પટેલ
રાજુભાઈ ડાહ્યાભાઈ પટેલ

ડુંગળી ફળીયુ - ભીમરાડ ગામ, સુરત

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

વ્હાલા પપ્પા,
આજે આપની વિદાયને પાંચ વર્ષ પૂર્ણ થયા છે. આપશ્રીએ તનતોડ મહેનત, સંઘર્ષ, આવડત અને કુનેહથી શૂન્યમાંથી સૃષ્ટિનું સર્જન કર્યું છે. આજે સમગ્ર પરિવાર આપશ્રીના પ્રચંડ પુરૂષાર્થના ફળ જ પામી રહ્યા છે. કહેવાય છે બધું આપવાવાળો ભગવાન છે, પરંતુ ભગવાનનું એક રૂપ અમારા માટે આપ હતા.

લિ.

સ્વ. નિતીનકુમાર ચંપકલાલ ગાંધી
સ્વ. તા.03/04/2020

વૈશાલી નિતીનકુમાર ગાંધી | ફેનિલ નિતીનકુમાર ગાંધી
કેયુર નિતીનકુમાર ગાંધી | હર્નિષા ફેનિલ ગાંધી



૨૦મી પુણ્યતીથીએ
ભાવભીની શ્રધ્ધાંજલિ

જગદીશ સુખાભાઈ આહીર (પુત્ર)
નરેશ સુખાભાઈ આહીર (પુત્ર)
હસમુખ સુખાભાઈ આહીર (પુત્ર)
સંજય સુખાભાઈ આહીર (પુત્ર)
અનમોલ, ધવલ, રચીત, સાવન, સ્મીત, દેવ(પૌત્ર), અદિતી(પૌત્રી), ક્રીઆના(પૌપોત્રી)
તથા સમસ્ત આહીર પરિવાર

સ્વ.લક્ષ્મીબેન સુખાભાઈ આહીર
સ્વ.તા.૩.૪.૨૦૦૫



છઠ્ઠી પૂણ્યતિથિએ
હાર્દિક શ્રદ્ધાંજલિ

સ્વ. મિલન પ્રવિણચંદ્ર પટેલ
સ્વ. તા. 03/04/2019

ભલે તમે સદેહે નથી અમારી સાથે, પ્રેમ તો વરસતો રહેશે સદા અમારી માથે, સ્નેહભર્યા સંસ્મરણો સાચવીશું જીંદગીભર સાચા જતનથી, પુણ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ સાચા મનથી..

સ્થળ :-
નાની બહુચરાજી મંદિર સામે,
વેડ રોડ, સુરત.

લિ.
મોહનભાઈ કેશવભાઈ પટેલ
જશવંતભાઈ કેશવભાઈ પટેલ
પ્રવિણચંદ્ર કેશવભાઈ પટેલ
વિજય મોહનભાઈ પટેલ
વિપુલ મોહનભાઈ પટેલ
નયન પ્રવિણચંદ્ર પટેલ
સંજય જશવંતભાઈ પટેલ
તથા સમસ્ત
કેશવ પરિવાર